ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૧ તા.૨૦.૨૦૧૭

----------------

**ભાજપાને સંપૂર્ણ બહુમતી સાથેનો જનાદેશ આપવા બદલ ગુજરાતની જનતાનો હદયપૂર્વક આભાર – શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

**ગુજરાતમાં આ વખતે સત્તા મળશે જ એવા બણગાં ફૂંકતી કોંગ્રેસ હાર સ્વીકારવાને બદલે હારનું ઠીકરું વહીવટી તંત્ર ઉપર અને ઈવીએમ ઉપર ફોડવા માંગે છે જે ખૂબજ શરમજનક છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

**કોંગ્રેસના અશોક ગેહલોતજી પોતાની અને રાહુલ ગાંધીની નિષ્ફળતા છુપાવવા માટે હારનું ઠીકરું ઈવીએમ ઉપર ફોડી રહ્યા છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

**ભાજપાના સુશાસન અને પારદર્શક વહીવટી પ્રક્રિયા તેમજ સક્ષમ નેતૃત્વને લીધે દેશ અને ગુજરાતની જનતાએ ભાજપા પર ભરોસો મુક્યો છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

**કોંગ્રેસના ચાવવાના અને બતાવવાના દાંત જુદા છે**

----------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે પત્રકારો સાથે વાર્તાલાપ દરમ્યાન જણાવ્યુ હતુ કે, ગુજરાત રાજ્યની જનતાએ ભાજપાને સતત છઠ્ઠીવાર જીતાડ્યા છે, આશીર્વાદ આપ્યા છે ત્યારે ભાજપા વતી સમગ્ર રાજ્યની જનતાનો હદયપુર્વક આભાર માનું છુ.

ગુજરાતમાં કોંગ્રેસ વર્ષોથી જીતી શકતી નથી અને જ્યાં સત્તામાં હતી ત્યાં પણ પુનઃસત્તા પ્રાપ્ત કરી શકી નથી. કોંગ્રેસના ચાવવાના અને બતાવવાના દાંત જુદા છે. ચૂંટણી દરમ્યાન જ હાર ભાળી ગયેલી કોંગ્રેસે ગુજરાતમાં જ્ઞાતિવાદ અને જાતિવાદનું ઝેર ફેલાવ્યું તેમજ દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી વિશે નિમ્નકક્ષાના નિવેદનો કરી તેની ગુજરાત અને ગુજરાતીઓ વિરૂધ્ધની હલકી માનસિકતા ફરી એકવાર છતી કરી હતી. ગુજરાતમાં આ વખતે સત્તા મળશે જ એવા બણગાં ફૂંકતી કોંગ્રેસ હાર સ્વીકારવાને બદલે હારનું ઠીકરું વહીવટી તંત્ર ઉપર અને ઈવીએમ ઉપર ફોડવા માંગે છે જે ખૂબજ શરમજનક છે. સતત છઠ્ઠી વખત ગુજરાતની

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



જનતાએ કોંગ્રેસને સત્તા માટે ગેરલાયક ઠેરવી છે. હિમાચલ પ્રદેશમાં પણ કોંગ્રેસે સત્તા ગુમાવી છે ત્યારે કોંગ્રેસીઓ લાજવાને બદલે ગાજે છે. કોંગ્રેસના અશોક ગેહલોતજી પોતાની અને રાહુલ ગાંધીની નિષ્ફળતા છુપાવવા માટે હારનું ઠીકરું ઈવીએમ ઉપર ફોડી રહ્યા છે. આજે સમગ્ર દેશમાં ૧૯ જેટલા રાજ્યોમાં ભાજપાની સરકારો છે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સાડા ત્રણ વર્ષની અંદર દેશ વિકાસની નવી સીમાઓ પાર કરી રહ્યો છે. તમામ ક્ષેત્રે ભારતની પ્રગતિ થઇ રહી છે. ભાજપાના સુશાસન અને પારદર્શક વહીવટી પ્રક્રિયા તેમજ સક્ષમ નેતૃત્વને લીધે દેશ અને ગુજરાતની જનતાએ ભાજપા પર ભરોસો મુક્યો છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, ગુજરાતની જનતાએ ભાજપાને ક્લીયર કટ મેન્ડેટ આપ્યો છે. હું ગુજરાતની જનતાનો વિશેષ આભાર માનું છું કે, કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં જે રીતે ઠાલા વચનો અને લોભ-લાલચ આપી, જાણે ગુજરાતની જનતા બીકાઉ હોય કે વેચાઉ હોય તે રીતે ખરીદવાની વૃત્તિ સાથે કદી પણ પૂર્ણ ન થઇ શકે તેવી ગેરબંધારણીય જાહેરાતો કોંગ્રેસ દ્વારા કરવામાં આવી પરંતુ, ગુજરાતની સ્વાભિમાની અને ખમીરવંતી જનતાએ કોંગ્રેસને ફરીથી તેનું સ્થાન બતાવી દીધું. ગુજરાતમાં ૨૨ વર્ષ સુધી સત્તાની બહાર રહેલી કોંગ્રેસને ફરી એકવાર ગુજરાતની જનતાએ સત્તાની દૂર રાખી છે ત્યારે કોંગ્રેસના નેતાઓ જનતાના જનાદેશને સ્વીકારવાને બદલે રાહુલ ગાંધી બચાવ અભિયાન ચલાવી રહ્યા છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, ગુજરાતમાં કોંગ્રેસે પોતાની પાર્ટીનું તમામ કામ આઉટસોર્સીંગ દ્વારા કર્યું. રેલીઓ કોઇ બીજાના સહારે કાઢે, ઉમેદવારો પણ કોઇ બીજાના સહારે નક્કી થાય તેમજ જ્ઞાતિ-જાતિ વચ્ચે વેરઝેર ફેલાવી કોંગ્રેસે નિમ્ન કક્ષાના તમામ પ્રયત્નો કર્યા છતાં કોંગ્રેસ ભૂંડી રીતે હારી છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીનું દૂરંદેશી નેતૃત્વ, શ્રી અમિતભાઇ શાહની કુશળ વ્યૂહ રચના, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારની ઉત્તમ કામગીરી, ભૂતકાળની ભાજપા સરકારોની પ્રજાલક્ષી કામગીરી તેમજ કાર્યકરોની અથાગ મહેનતને લીધે ભાજપાનો વિજય થયો છે. અમે જનતાના જનાદેશને સહર્ષ આવકારીએ છીએ.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા સેલ